ક્રમાંક:-મઉમશબ/સંશોધન/૨૦૧૯/૩૯૫૭-૯૧

ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૨૧/૧૧/૨૦૧૯

પ્રતિ
જિલ્લા શિક્ષણાધિકારી, (તમામ)
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
ગુજરાત રાજ્ય.

વિષય:- ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમ-૨૦ (૧)માં સુધારા બાબત.

સંદર્ભ:- (૧) અત્રેની કચેરીનો પત્રક્રમાંક:મઉશબ/સંશોધન/૨૦૧૯/૩૪૮૫-૮૭, તા.૦૫/૧૦/૨૦૧૯.

(૨) શિક્ષણ વિભાગનો ઠરાવક્રમાંક:મશબ/૧૨૧૧/૧૫/છ, તા.૦૮/૧૧/૨૦૧૯.

ઉપરોક્ત વિષયના અનુસંધાનમાં જણાવવાનું કે સંદર્ભ-૧ દર્શિત પત્રથી ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમ-૨૦ (૧)માં સુધારો કરવા અંગે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ધ્વારા શિક્ષણ વિભાગને દરખાસ્ત કરવામાં આવેલ હતી.

જે અન્વયે સંદર્ભ-(૨)થી શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:-મશબ/૧૨૧૧/૧૫/છ, તા.૦૮/૧૧/૨૦૧૯થી ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમ-૨૦ (૧)માં હાલની જોગવાઈને બદલે સુધારેલી જોગવાઈને મંજૂરી આપેલ છે. ઉક્ત ઠરાવની નકલ આ સાથે મોકલવામાં આવે છે. જે આપના તાબા હેઠળની તમામ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ કરવા સારૂં આપની કક્ષાએથી મોકલી આપવા વિનંતી છે.

(બી.એન.રાજગોર)
સંયુક્ત નિયામક

પરિ. નં. ૩૩૪

ક્રમાંક:પરીક્ષા/વિનિમય-૨૦/સુધારા/૧૯-૨૦
૨૦/
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અમરેલી તા.૩૦/૧૧/૨૦૧૯

ઉપરોકત પરીપત્રની જાણ તથા અમલ કરવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક/ઉચ્ચ માધ્યમિક શાળાઓ તમામ
જિ-અમરેલી

Scanned by CamScanner

C-323

ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-
૧૯૭૪ના વિનિયમ ક્રમાંક:૨૦(૧)માં સુધારો
કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૧૧/૧૫/છ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ:૦૮/૧૧/૨૦૧૯

વંચાણે લીધા:-

(૧) શિક્ષણ વિભાગનો તા.૧૬/03/૨૦૧૧નો ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૧૧/૧૫/છ.
(૨) ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગરનો તા.૦૫/૧૦/૨૦૧૯નો પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૯/૩૪૮૫-૮૭.

આ મુ ખ:-

શિક્ષણ વિભાગના સંદર્ભ (૧) સામે દર્શાવેલ તા.૧૬/03/૨૦૧૧ના ઠરાવથી ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ના વિનિયમ ક્રમાંક:૨૦(૧)માં જરૂરી સુધારા કરવામાં આવેલ હતા. ત્યારબાદ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના સંદર્ભ (૨) ના તા.૦૫/૧૦/૨૦૧૯ના પત્રથી ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ના વિનિયમ ક્રમાંક:૨૦(૧)ની જોગવાઇમાં સુધારો કરવા બાબતે દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠ રા વ:-

પુખ્ત વિચારણાને અંતે ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ના વિનિયમ ક્રમાંક:૨૦(૧)માં હાલની જોગવાઇને બદલે આ સાથે સામેલ પત્રક મુજબ સુધારેલી જોગવાઇને આથી મંજૂરી આપવામાં આવે છે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૨૩/૧૦/૨૦૧૯ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( ટી.એસ.પટેલ )
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ.

ધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦/બી, ગાંધીનગર.

- નિયામકશ્રી, કમિશનરશ્રી શાળાઓની કચેરી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

P.T.O.

Srqlur 165

Scanned by CamScanner

- સેક્શન અધિકારીશ્રી, ગ-શાખા, ગ-૧-શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જીલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ(ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ મારફત)
- ના. સે. અ. સિલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઇલ.

Srqlar 166

Scanned by CamScanner

C-325

શિક્ષણ વિભાગના [illegible].૦૮/૧૧/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૧૧/[illegible]/છ સાથેનું બિડાણ

| વિનિયમ ક્રમાંક | હાલની જોગવાઇ | સુધારેલ જોગવાઇ |
|---|---|---|
| ૨૦(૧) | <u>રજિસ્ટર થયેલી શાળામાં નિમણૂંક માટેની ન્યુનતમ લાયકાત:-</u><br>(૧) રજીસ્ટર થયેલી શાળામાં આચાર્યની લાયકાત<br>- કોઇ વ્યક્તિ નોંધાયેલી માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં ભણાવવામાં આવતા વિષયો પૈકી કોઇ વિષયમાં અનુસ્નાતક સાથે બી.એડ. અથવા માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં ભણાવવામાં આવતા વિષયો પૈકી કોઇ વિષયમાં સ્નાતક સાથે એમ.એડ. અથવા રાજ્ય સરકારે જાહેર કર્યા પ્રમાણે તેને સમકક્ષ પદવી ધરાવતો હોય અને રજીસ્ટર્ડ ગ્રાન્ટ-ઇન-એઇડ/સરકારી માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં નિયમાનુસાર નિમણૂક મેળવ્યા બાદનો શીખવવાનો/નિરીક્ષણનો ઓછામાં ઓછો કૂલ ૭ (સાત) વર્ષનો અનુભવ હોય.....<br>અથવા<br>- કોઇ વ્યક્તિ નોંધાયેલી માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં ભણાવવામાં આવતા વિષયો પૈકી કોઇ વિષયમાં સ્નાતક સાથે બી.એડ. અથવા રાજ્ય સરકારે જાહેર કર્યા પ્રમાણે તેને સમકક્ષ પદવી ધરાવતો હોય અને રજીસ્ટર્ડ ગ્રાન્ટ-ઇન-એઇડ/સરકારી માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં નિયમાનુસાર નિમણૂક મેળવ્યા બાદનો શીખવવાનો/નિરીક્ષણનો ઓછામાં ઓછો કૂલ ૧૫ (પંદર) વર્ષનો અનુભવ હોય.....<br>...... તે સિવાય તેને હેડમાસ્ટર તરીકે નીમી શકાશે નહિં. માત્ર છોકરીઓ માટેની શાળામાં(કન્યા શાળા) ઉપરોક્ત લાયકાતો ધરાવતી સ્ત્રી સિવાય બીજી કે.ઇ વ્યક્તિની હેડમાસ્ટર તરીકે નિમણૂક કરી શકાશે નહિં. | <u>રજિસ્ટર થયેલી શાળામાં નિમણૂંક માટેની ન્યુનતમ લાયકાત:-</u><br>(૧) નોંધાયેલ શાળામાં આચાર્ય તરીકે નિમણૂક માટેની લાયકાત<br>- કોઇ વ્યક્તિ નોંધાયેલી માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં ભણાવવામાં આવતા વિષયો પૈકી કોઇ વિષયમાં અનુસ્નાતક સાથે બી.એડ. અથવા માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં ભણાવવામાં આવતા વિષયો પૈકી કોઇ વિષયમાં સ્નાતક સાથે એમ.એડ. અથવા રાજ્ય સરકારે જાહેર કર્યા પ્રમાણે તેને સમકક્ષ પદવી ધરાવતો હોય અને નોંધાયેલ ગ્રાન્ટ-ઇન-એઇડ/સરકારી માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં નિયમાનુસાર નિમણૂક મેળવ્યા બાદનો શીખવવાનો/નિરીક્ષણનો ઓછામાં ઓછો કૂલ ૭ (સાત) વર્ષનો અનુભવ ધરાવતી હોય.....<br>અથવા<br>- કોઇ વ્યક્તિ નોંધાયેલી માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં ભણાવવામાં આવતા વિષયો પૈકી કોઇ વિષયમાં સ્નાતક સાથે બી.એડ. અથવા રાજ્ય સરકારે જાહેર કર્યા પ્રમાણે તેને સમકક્ષ પદવી ધરાવતો હોય અને રજીસ્ટર્ડ ગ્રાન્ટ-ઇન-એઇડ/સરકારી માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં નિયમાનુસાર નિમણૂક મેળવ્યા બાદનો શીખવવાનો/નિરીક્ષણનો ઓછામાં ઓછો કૂલ ૧૦ (દસ) વર્ષનો અનુભવ ધરાવતી હોય.....<br>...... તે સિવાય તેને આચાર્ય તરીકે નીમી શકાશે નહિં.<br>માત્ર કન્યાઓ માટેની શાળામાં ઉપર્યુકત લાયકાતો ધરાવતી મહિલા સિવાય બીજી કોઇ વ્યક્તિની આચાર્યા તરીકે નિમણૂક કરી શકાશે નહિં. |

Scanned by CamScanner